પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 05-11-2026 **Evening: 7.50 TO 8.00**

Day: THURSDAY **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત રમતગમતના વિશ્વમાં એક મોટી શક્તિ તરીકે ઉભરી રહ્યું છે - નવી દિલ્હીમાં એશિયન પેરાગેમ્સના ભારતીય ખેલાડીઓ સાથે પ્રધાનમંત્રીનો સંવાદ.
2) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, ઉત્તરપ્રદેશમાં પાંચ લાખ કરોડ રૂપિયાની માર્ગ પરિયોજનાઓને પૂર્ણ કરવાનું લક્ષ્ય.
3) કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે UGCના 2026ના સમાનતા સંબંધિત નિયમોની સમીક્ષા માટે વિશેષ સમિતિની રચના થઈ રહી છે.
4) દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, દક્ષિણ આંતરિક કર્ણાટક, તમિળનાડુ અને કેરળમાં આ રવિવાર સુધી ભારે વરસાદની આગાહી.
5) એશિયન હૉકીમાં અજેય ભારત અને જાપાન વચ્ચે પંજાબમાં ફાઈનલ મુકાબલો.

****

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

REV PM PARA GAMES CONTIGENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, જાપાનમાં એૅશિયન પેરાગેમ્સમાં ભારતીય ખેલાડીઓનું ભવ્ય પ્રદર્શન એ દર્શાવે છે કે, ભારત રમતગમતના વિશ્વમાં એક મોટી શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. નવી દિલ્હીમાં ભારતીય દળના ખેલાડીઓ સાથેના સંવાદમાં શ્રી મોદીએ કહ્યું, ખેલાડીઓએ માત્ર ચંદ્રક જ નહીં, પરંતુ કરોડો દેશવાસીઓના દિલ પણ જીત્યા છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) PARA ATHLETES

(आप सबने मेडल तो जीता ही है, आपने करोड़ों देशवासियों का दिल भी जीता है। आप सभी पैरा एथलीट्स ने एक बार फिर ये दिखा दिया है कि सबसे ऊंची उड़ान हौसलों से होती है।)

પ્રધાનમંત્રીએ કહ્યું, વર્ષ 2018ની એૅશિયન પેરા ગેમ્સમાં ભારતે માત્ર એક સુવર્ણ સહિત કુલ 14 ચંદ્રક જીત્યા હતા. જ્યારે આ વખતે ભારતીય ખેલાડી 114 ચંદ્રક લઈને આવ્યા છે. તેમણે કહ્યું, ઑલિમ્પિકને ધ્યાનમાં રાખી તેમણે આ વખતે લાલકિલ્લા પરથી યુવાનોને પ્રતિભા શોધ અભિયાનમાં સામેલ થવાનું આહ્વાન કર્યું હતું.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) SPORTS POWER

(कुछ ही सप्ताह पहले में एशियन गेम्स में हिस्से लेने वाले खिलाड़ियों से मिला था, अब मैं पैरा एशियंस गेम्स के शामिल आप सभी ऊर्जावान साथियों से मुझे मिलने का अवसर मिला है। आपका शानदार प्रदर्शन यह बताता है कि आज भारत स्पोर्ट्स की दुनिया में तेजी से एक बड़ी पावर के रूप में उभर रहा है।)

GADKARI UP ROAD PROJECTS

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, ઉત્તરપ્રદેશમાં પાંચ લાખ કરોડ રૂપિયાની માર્ગ પરિયોજનાઓને પૂર્ણ કરવાનો લક્ષ્ય રખાયો છે. તેમાંથી એક લાખ કરોડ રૂપિયાની પરિયોજનાઓ પૂર્ણ થઈ ગઈ છે. જોકે, એક લાખ કરોડ રૂપિયાની પરિયોજના પર હાલ કામ ચાલી રહ્યું છે. જ્યારે ત્રણ લાખ કરોડ રૂપિયાની પરિયોજનાઓ પ્રસ્તાવિત છે. ઉત્તરપ્રદેશના જૌનપુર જિલ્લામાં અંદાજે ત્રણ હજાર 677 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ જાહેરસભાને સંબોધતા શ્રી ગડકરીએ કહ્યું, રાજ્યમાં માર્ગની માળખાકીય સુવિધામાં મોટું પરિવર્તન આવ્યું છે અને હવે માર્ગોની ગુણવત્તા પર પણ વિશેષ ધ્યાન અપાઈ રહ્યું છે.

(BYTE – NITIN GADHKARI)

SHAH HARIYANA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે હરિયાણાની અંબાલા છાવણીમાં 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામના વીર શહીદોની સ્મૃતિમાં નિર્માણ પામેલા સ્મારકનું લોકાર્પણ કર્યું. 800 કરોડ રૂપિયાના ખર્ચે અંદાજે 22 એકર વિસ્તારમાં તૈયાર થયેલું આ સ્મારક 1857માં સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયેલા 700થી વધુ વીરોના નામ સુવર્ણ અક્ષરોમાં કોતરેલા છે. સ્મારકમાં આધુનિક ટેક્નિકના માધ્યમથી સ્વાતંત્ર્ય સંગ્રામની ગાથાને જીવંત કરવામાં આવી છે. આ પ્રસંગે શ્રી શાહે 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામના વીર શહીદોને નમન કર્યું.

(બાઈટ – અમિત શાહ કેન્દ્રીય ગૃહમંત્રી)

SC UGC CENTRE

કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું કે, તે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ – યુજીસીના 2026ના સમાનતા સંબંધિત નિયમોની સમીક્ષા માટે એક વિશેષ સમિતિની રચના કરી રહી છે.

(VOICECAST: SAKLEN AKHTAR)

((न्यायालय ने कहा है कि सभी विद्यार्थियों के हितों की रक्षा सुनिश्चित की जानी चाहिए। उच्च शिक्षण संस्थानों में समानता का अर्थ है कि जाति या सामाजिक पृष्ठभूमि के भेदभाव के बिना सभी विद्यार्थियों को उचित व्यवहार, समान अवसर और भेदभाव से सुरक्षा मिले। न्यायालय की पीठ को सॉलिसिटर जनरल तुषार मेहता ने बताया कि सरकार विद्यार्थियों की चिंताओं को दूर करने और किसी भी वर्ग को उपेक्षित या असुरक्षित महसूस न हो, यह सुनिश्चित करने के उपायों पर विचार कर रही है। न्यायालय ने इन याचिकाओं पर सुनवाई चार सप्ताह के लिए स्थगित कर दी, समाचार कक्ष से सकलैन अख्तर।))0

IMD WEATHER

હવામાન વિભાગે આ રવિવાર સુધી દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, દક્ષિણ આંતરિક કર્ણાટક, તમિળનાડુ અને કેરળમાં ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે આગામી બે દિવસ સુધી ઓડિશા, દરિયાકાંઠાના કર્ણાટક, કેરલમ, માહે, તમિળનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં વાવાઝોડા અને ભારે પવન ફૂંકાવાની શક્યતા છે.

દરમિયાન, રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં યથાવત છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, આજે બપોરે દિલ્હીનો હવા ગુણવત્તા સૂચકાંક 367 નોંધાયો.

PUNJAB HOCKEY

એશિયન હૉકીમાં અજેય ભારતીય ટીમ આજે મોહાલીમાં નવમી હીરો એશિયન હૉકી ચેમ્પિયનશિપના ફાઈનલમાં જાપાન સામે રમી રહ્યું છે. ગઈકાલે ભારતે સેમિફાઈનલમાં દક્ષિણ કોરિયાને આઠ–એકથી હરાવી ફાઈનલમાં જગ્યા બનાવી છે.

જ્યારે પહેલી સેમિફાઈનલમાં નિર્ધારિત સમય સુધી બંને ટીમે એક પણ ગોલ કર્યો નહતો. ત્યારબાદ પેનલ્ટૂ શૂટઆઉટમાં જાપાનથી પાંચ-ત્રણથી પરાજય થઈ મલેશિયાની ટીમ કાંસ્ય ચંદ્રક માટે દક્ષિણ કોરિયા સામે રમશે.

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

RONALDO RETIRNMENT

ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં 41 વર્ષના રોનાલ્ડોએ જણાવ્યું, હવે તેઓ પોર્ટુગલ માટે નહીં રમે. તેમણે કહ્યું, પોર્ટુગીઝ રાષ્ટ્રીય ટીમનો નંબર 7 શર્ટ પરત આપવાનો દિવસ આવી ગયો છે.

JAISHANKAR ANTIGUA AND BARBUDA

વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકરે આજે સેંન્ટ જૉન્સમાં ભારતીય સમુદાયના એક કાર્યક્રમ દરમિયાન એન્ટિગુઆ અને બારબુડાના ગવર્નર જનરલ રૉડની વિલિયમ્સ સાથે મુલાકાત કરી. આ પ્રસંગે તેમણે ભારતીય સમુદાયના લોકો સાથે સંવાદ કર્યો અને ભારત તથા એન્ટીગુઆ અને બારબુડા વચ્ચેના સંબંધને મજબૂત કરવામાં તેમના યોગદાનની પ્રશંસા કરી.

ડૉ. જયશંકર હાલ એન્ટિગુઆ અને બારબુડાના સત્તાવાર પ્રવાસે છે. દરમિયાન તેમણે સેન્ટ જૉન્સમાં રાષ્ટ્રમંડળ સરકારના વડાઓની બેઠક 2026થી અલગ ઑસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અલ્બનીઝ સાથે મુલાકાત કરી.

વિદેશ મંત્રીએ બ્રિટનના પ્રધાનમંત્રી એન્ડી બર્નહમ સાથે પણ દ્વિપક્ષીય સંવાદ કર્યો. તેમાં વ્યાપક આર્થિક અને વેપાર સમજૂતી કરાર – CETA મામલે આર્થિક સહકાર વધારવા અને વૈશ્વિક પરિસ્થિતિઓ અંગે વિચારોનું આદાન-પ્રદાન કરાયું.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી જયશંકરે કહ્યું, ગુયાનાના રાષ્ટ્રપ્રમુખ ઈરફાન અલી સાથેની બેઠકમાં ગુયાનાની જાહેર અને સંરક્ષણ માળખાકીય સુવિધાઓ માટે 50 કરોડ ડૉલરની ધિરાણ સુવિધા વધારવાની જાહેરાત કરવામાં આવી. વિદેશ મંત્રીએ રાષ્ટ્રમંડળ સરકારના વડાઓ અને ઉદ્યોગજગતના અગ્રણીઓની નાસ્તા પર આયોજિત બેઠકમાં પણ ભાગ લીધો.

REV VP BRE SUMMIT

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને કહ્યું, ભારતની પરંપરાગત સમજણમાં હંમેશાંથી પ્રકૃતિ પ્રત્યે સન્માન અને પ્રાકૃતિક સંશાધનોના જવાબદારીપૂર્વક ઉપયોગ પર ભાર અપાયો છે. નવી દિલ્હીમાં ભારત નવીનીકરણીય ઉર્જા સંમેલનના સમાપન સત્રને સંબોધતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, ટકાઉ વિકાસના મૂળ દેશની પ્રાચીન પરંપરાઓમાં છે અને હવે આધુનિક વિજ્ઞાન તથા ટેક્નોલૉજીના માધ્યમથી તેને વધુ મજબૂત કરવામાં આવી રહ્યું છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, ભારતે ઝડપથી આર્થિક વૃદ્ધિ મેળવી છે અને અશ્મિભૂત ઇંધણ પર નિર્ભરતા ઓછી છે.

આ પ્રસંગે નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોષીએ કહ્યું, ભારતના નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રએ ગત એક દાયકામાં 15 લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ આકર્ષિત કર્યું છે. તેમણે કહ્યું, વર્ષ 2024માં ગાંધીનગરમાં યોજાયેલા સંમેલન બાદ માત્ર બે વર્ષમાં જ આ ક્ષેત્રમાં અંદાજે છ લાખ કરોડ રૂપિયા આવ્યા છે.